## Pragatyā Pote Paramadayāru

પ્રગટ્યા પોતે પરમદયાળુ, શ્રીજી કૃપાળુ આજ;

Pragatyā pote paramadayāru, Shreeji krupāru āj;

દુઃખિયા દેખી જીવ માયાના, કરવા તેનાં કાજ…પ્રગટ્યા…ટેક

Dukhiyā dekhee jeeva māyānā, karavā tenā kāj…Pragatyā…(chorus)

અક્ષરધામે વાત કરે છે, મુક્તો ને મુનિવર;

Akshardhāme vāt kare chhe, mukto ne munivar;

કેમ જીવોનાં કલ્યાણ કરવાં, બોલો થઈ તત્પર…પ્રગટ્યા…૧

Kem jeevonā kalyān karavā, bolo thaee tatpar…Pragatyā…1

લાડીલા જે પોતાના તેને, શ્રીજી કહે કરી પ્યાર;

Lādeelā je potānā tene, Shreeji kahe karee pyār;

ચાલો મુનિઓ દર્શન દઈએ, ભરતખંડ મોઝાર…પ્રગટ્યા…૨

Chālo munio darshan daee-e, bharatkhanda mojhār...Pragatyā…2

મુક્તો કહે હરિ તવ કૃપાથી, સદાય અમને સુખ,

Mukto kahe Hari tava krupāthee, sadāy amane sukh,

આપ પધારી ટાળો જીવનાં, કોટિજન્મનાં દુઃખ…પ્રગટ્યા…૩

Āpa padhāree tāro jeevanā, kotijanmanā dukh…Pragatyā…3

મુક્ત કરી સુખ આપવું એ છે, કેવળ આપનું કામ;

Mukta karee sukh āpvu e chhe, kevar āpnu kām;

શું છે જરૂર અમારી ત્યાંય, બોલો પૂરણ કામ…પ્રગટ્યા…૪

Shu chhe jaroor amāre tyāy, bolo pooran kām…Pragatyā…4

શ્રીજી કહે એ જીવો બિચારા, મૂળ માયામાં ફસેલ;

Shreeji kahe e jeevo bichārā, moor māyāmā fasel;

પ્રીછે નહિ મુજને તે કારણ, આવો તમે મારી ગેલ…પ્રગટ્યા…૫

Preechhe nahi mujane te kāran, āvo tame māree gel…Pragatyā…5

© Maninagar Shree Swaminarayan Gadi Sansthan, 2004
www.SwaminarayanGadi.com

તમો પણ એ સરખા થઈને, કરોને મારું ભજન,

Tamo pan e sarkhā thaeene, karone maru bhajan,

ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિમાં, દ્રઢ કરાવો મન…પ્રગટ્યા…૬

Dharma gnān vairāgya bhaktimā, dradh karāvo man…Pragatyā…6

દિવ્યભાવ ઉપાસના મહિમા, સમજાવો કરી જુક્ત;

Divyabhāv upāsanā mahimā, samjāvo karee jukta;

વર્તન ઉપદેશ દેખી સુણી, જીવ થાશે બહુ મુક્ત…પ્રગટ્યા…૭

Vartan updesh dekhee sunee, jeev thāshe bahu mukta…Pragatyā…7

વર્તમાન ધરાવી દેહ પડાવી, મૂર્તિમાં રાખી જીવ;

Vartmān dharāvee deha padāvee, murtimā rākhee jeev;

અનાદિ મુક્તની પંક્તિમાં રાખો, સદ્ય કરીને શિવ…પ્રગટ્યા…૮

Anādi muktanee panktimā rākho, sadhya kareene shiv…Pragatyā…8

મુક્ત વચન સુણી બોલ્યા શ્રીજી, એમ જ કરવું ખાસ;

Mukta vachan sunee bolyā Shreeji, ema j karvu khās;

પણ અજ્ઞાની જીવ મૂંઝાશે, નહિ આવે કોઈ પાસ…પ્રગટ્યા…૯

Pan agnānee jeev moonjhāshe, nahi āve koee pās…Pragatyā…9

હરિ હરિજનની રીત જ ન્યારી, દેહદર્શીને ન પડે ગમ;

Hari harijananee reet ja nyāree, dehadarsheene na pade gam;

પોતા જેવા ભાવો પરઠે, જાણે ન આપણો મર્મ…પ્રગટ્યા…૧૦

Potā jevā bhāvo parthe, jāne na āpno marma…Pragatyā…10

માટે દેહાદિક તેનાં તજાવી, કરશું મુક્ત અકામ;

Māte dehādik tenā tajāvee, karshu mukta akām;

તમો અમો ને ત્રીજો થાનાર, જાણે સાર તમામ…પ્રગટ્યા…૧૧

Tamo amo ne treejo thānār, jāne sār tamām…Pragatyā…11

© Maninagar Shree Swaminarayan Gadi Sansthan, 2004
www.SwaminarayanGadi.com

બીજા માયિક જીવો દેખે, પોતા સરીખો દેહ;

Bijā māyik jeevo dekhe, potā sareekho deha;

એવું કરવું આપણે જાણો, આણી ઉરમાં નેહ...પ્રગટ્યા...૧૨

Evu karvu āpane jāno, ānee urmā neh…Pragatyā…12

સુણો મુનિઓ મારી ઈચ્છાથી, ધરો મનુષ્ય સ્વરૂપ;

Suno munio māree eecchhāthee, dharo manushhya svaroop;

જુદે જુદે સ્થળે દર્શન દઈને, કલ્યાણ કરો અનુપ...પ્રગટ્યા...૧૩

Jude jude sthare darshan daeene, kalyān karo anup…Pragatyā…13

આમ સંકેત કરી દર્શન દીધાં, જાણી બિરદ કૃપાનાથ;

Ām sanketa karee darshan deedhā, jānee birad krupānāth;

મુક્ત દ્વારે પણ સ્વયં શ્રીજી, સમજાવે છે ગાથ...પ્રગટ્યા...૧૪

Mukta dvāre pan svayam Shreeji, samjāve chhe gāth…Pragatyā…14

મહાપ્રભુ કે મુક્ત મળે તો, તરત કલ્યાણ થાય;

Mahāprabhu ke mukta male to, tarat kalyān thāy;

મનુષ્યભાવમાં દિવ્યભાવ પણ, સમજાવે સુખદાય...પ્રગટ્યા...૧૫

Manushhyabhāvmā divyabhāv pan, samjāve sukhadāy…Pragatyā…15

અલૌકિક મહિમાને માટે, અનાદિ છે સુખખાણ;

Alaukik mahimāne māte, anādi chhe sukhakhān;

મન કર્મ વચને દાસ થઈને, અર્પો તેને પ્રાણ...પ્રગટ્યા...૧૬

Man karma vachane dās thaeene, arpo tene prān…Pragatyā…16

અનહદ સુખ છે એ મૂર્તિમાં, સુખ સુખ ને સુખ;

Anahad sukha chhe e murtimā, sukha sukha ne sukha;

કરુણા કરીને દાન કરે છે, ટાળી સર્વે દુઃખ...પ્રગટ્યા...૧૭

Karunā kareene dān kare chhe, tāree sarve dukh…Pragatyā…17

© Maninagar Shree Swaminarayan Gadi Sansthan, 2004
www.SwaminarayanGadi.com

સ્વામિનારાયણ સર્વેના કારણ, મહેર કરી મહેરબાન;

Swāminārāyan sarvanā kāran, maher karee maherbān;

અક્ષરથી પણ પર કરીને, આપે પદવી મહાન...પ્રગટ્યા...૧૮

Aksharathee pan par kareene, āpe padvee mahān…Pragatyā…18

રસબસ કરીને મૂર્તિમાં રાખે, સહજાનંદજી શ્યામ;

Rasabasa kareene murtimā rākhe, Sahajānandaji shyām;

સદાય સુખમાં થીજાડી દે છે, પોતે શ્રીઘનશ્યામ...પ્રગટ્યા...૧૯

Sadāy sukhamā theejādee de chhe, pote Shree Ghanshyām…Pragatayā…19

નવીન પ્રીતમ સંગ નેહ કરીને, રહો અનુવૃત્તિ મોઝાર;

Naveen preetam sang neha kareene, raho anuvrutti mojhār;

દાસાનુદાસ કહે જરૂર દેશે, શ્રીજી સુખ અપાર...પ્રગટ્યા...૨૦

Dāsānudās kahe jaroor deshe, Shreeji sukha apār…Pragatyā..20

© Maninagar Shree Swaminarayan Gadi Sansthan, 2004
www.SwaminarayanGadi.com